# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

પરિપત્ર :–

વિષયઃ "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવા બાબત

સંદર્ભઃઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃISC-7/યુનિ./૨૦૨૧/૭૬૩૦–૭૭૩૭ તા.૧૮/૦૮/૨૦૧

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના સંદર્ભ પત્ર અનુસાર "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ તા.૨૮/૦૮/૨૦૨૧એ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની રાજયકક્ષાએ ઉજવણી કરવાનું નિયત કરવામાં આવેલ છે. જે તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટી ખાતે ગુજરાતી સાહિત્યકાર "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓનું કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉકત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તા.૨૧/૦૮/૨૦૨૧ના રોજ કોલેજ કક્ષાએ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરી પ્રથમ ક્રમે પસંદગી આવેલ વિદ્યાર્થીનું નામ તા.૨૧/૦૮/૨૦૨૧ના રોજ academicbknmu@gmail.com ઈમેઈલ મારફતે યુનિવર્સિટી ખાતે મોકલી આપી, તે વિદ્યાર્થીને તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટી ખાતે યોજનાર સ્પર્ધામાં ઉપસ્થિત રહેવા આપની કક્ષાએ જાણ કરવાની રહેશે.

તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાનાર કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ,દ્વિતિય તથા તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને પુરસ્કાર આપવામાં આવશે તથા પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ કે. સી. જી. અમદાવાદ ખાતે રાજયકક્ષાએ યોજાનાર કાવ્ય પઠન સ્પર્ધામાં મોકલવામાં આવશે.

ઉકત સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે **ડૉ. રૂપા બી. ડાંગર (મો. ૯૫૧૨૦૫૫૦૨૫ rupadangar18@gmail.com)** નો સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે **"આઝાદી કા અમૃત મહોત્સવ"** કાર્યક્રમ હેઠળ કોલેજ કક્ષાએ યોજાનાર અન્ય કાર્યક્રમોનો અહેવાલ અને ફોટોગ્રાફ યુનિવર્સિટી ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

કા. કુલસચિવ

બિડાણઃ સંદર્ભ પત્રની નકલ

**નં. :બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૩૧/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૧૯/૦૮/૨૦૨૧

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધકરવા અર્થે)

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ 9530-9939 તા. 21/૦૮/૨૦૨૧

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી,

રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ,તમામ.

વિષય :"આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદમેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ તા.૨૮/૦૮/૨૦૨૧એ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની રાજ્યકક્ષાએ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્યની તમામ યુનીવર્સીટીએ કરવાની કાર્યવાહીનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

(૧)આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી સ્પર્ધકોને આમંત્રિત કરીને તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટીકક્ષાએ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓનું પઠન કરવાની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.જેમાંથી પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે.

(૨)આપની યુનીવર્સીટીમાં પ્રથમક્રમે આવેલ વિદ્યાર્થીને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં મોકલી આપવાના રહેશે.

(૩)રાજ્યકક્ષાએ અનુક્રમે પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહકઇનામ સ્વરૂપે અનુક્રમે રૂ.૧૫,૦૦૦/-,૧૧,૦૦૦/-,૫,૦૦૦/-મળવાપાત્ર છે.

ઉપરોકત તમામ કાર્યવાહી ઓ.એસ.ડી.શ્રી આર.કે.શાહ(AISHE)એ એડવાઈઝરશ્રી કે.સી.જી. કચેરી,અમદાવાદનાં સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

(જી.ટી.પંડ્યા,IAS)
નિયામક
ટેકનીકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

(એમ.નાગરાજન,IAS)
નિયામક
ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner

નકલ રવાના કાર્યવાહી અર્થે:-

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ

---

શ્રેયાન અધિક્ષક ઈ-મેઈલ : ssuniversity-che@gujgov.edu.in Phone : 079 23254022

Scanned with CamScanner